# ભાજપ શાસિત પાલનપુર પાલિકામાં સત્તાની સાઠમારી જારી..!

## પાલનપુર નગરપાલિકામાં પ્રમુખ-ઉપપ્રમુખ વચ્ચે તું...તું -મે... મે..! : પાલિકા પ્રમુખ-ઉપપ્રમુખ વચ્ચેના ગજગ્રાહ વચ્ચે નગરસેવકો અને કર્મચારીઓને લીલાલહેર સાથે વહીવટ કથળતો જતો હોવાની બુમરાણ

પાલનપુર, તા. ૨૨

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકામાં ગાંધારીની ભુમિકા ભજવતા ભાજપ મોવડી મંડળને લીધે સત્તાની સાઠમારી વચ્ચે ખેલાતા રાજકીય કાવાદાવાઓને પગલે વહીવટ કથળતો જતો હોવાની બુમરાણ મચી છે. ત્યારે પાલીકાના કથળતા જતા વહીવટની ગવાહી પુરો પાડતો તાજેતરમાં બનેલો એક બનાવ ચર્ચાની એરણે ચડયો છે. પાલીકામાં સત્તાના ગજગ્રાહ વચ્ચે પાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખ વચ્ચે વાકયુધ્ધ થતા તેઓ તુ...તુ...-મે...મે..! પર ઉતરી આવ્યા હોવાની ઘટના પાલીકા વર્તુળમાં ચર્ચાસ્પદ બની છે.

પાલનપુર નગરપાલિકામાં સત્તાના ગજગ્રાહ વચ્ચે આપસી ટાંટયાખેંચને પગલે પાલીકાનો વહીવટ વગોવાઈ રહ્યો હોવાની બુમરાણ મચી છે. સત્તાની હુંસાતુંસીની દુરોગામી અસર પાલીકાના વહીવટ પર પડી રહી છે. જેના પગલે વિકાસના કામો સહીતના નીતીવિષયક નિર્ણયો કે વહીવટી નિર્ણયો પણ ખોરંભે ચડી રહ્યા છે. પાલનપુર નગરપાલિકાના પ્રમુખ ઉપપ્રમુખ વચ્ચેનો ગજગ્રાહ હવે તુ...તુ...મે...મે સુધી પહોચ્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. આ ઘટનાના સાક્ષી બનેલા એક નગરસેવકે નામ નહી આપવાની શરતે જણાવેલી વિગતો મુજબ, તાજેતરમાં ઉજવાયેલા ગણેશ મહોત્સવમાં હનુમાન ટેકરી ખાતે પણ ગણેશ મહોત્સનું આયોજન કરાયું હતું. જે દરમિયાન, હનુમાન ટેકરી ખાતે હાઈમાસ્ટના ફોકસ બંધ હોઈ તે ચાલુ થાય તો ગણેશ મહોત્સવને ચાર ચાંદ લાગવાની સાથે આયોજન પણ દીપી ઉઠે તેવું હોવાથી આ હાઈમાસ્ટને ચાલુ કરાવવા માટે આ વોર્ડના નગરસેવક અને પાલીકાના ઉપપ્રમુખ અમૃત દાઢીએ પ્રયાસો હાથ ધર્યા હતા. જેને ખુદ પાલિકા પ્રમુખએ નાકામ બનાવ્યા હોવાના આક્ષેપો થયા હતા. જેને લઈને પાલીકાની ગુમાસ્તા શાખામાં અચાનક ભેગાં થઈ જતા પાલિકાના ઉપપ્રમુખે હાઈમાસ્ટનું કામ નહી કરવાની સ્ટાફને આપેલી સુચના બાબતે પાલીકા પ્રમુખનું ધ્યાન દોરવા જતા બંન્ને વચ્ચેનું વાકયુધ્ધ તું...તું...મે...મે...પર ઉતરી આવ્યું હોવાની ચર્ચા પાલીકા વર્તુળોમાં ચર્ચાસ્પદ બની હતી.

### પાલિકાના સત્તાધીશો વચ્ચેના ગજગ્રાહ સામે આંખ આડા કાન કેમ???

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકામાં પ્રમુખ-ઉપપ્રમુખ વચ્ચેના ગજગ્રાહ સામે ભાજપ મોવડી મંડળનું ભેદી મૌન ખુદ ભાજપી કાર્યકરો સહીત નગરજનોને પણ અકળાવી રહ્યુ છે. કહેવાય છે કે, પાલનપુર પાલીકાના પ્રમુખ-ઉપપ્રમુખ વચ્ચેના ગજગ્રાહ થાળે પાડવાને બદલે તે બંન્નેના ખભે બંદુક ફોડી તેઓ બંન્ને એકમેકની સામે તોપનાં નાળચાં તાકી રાખે તેમાં જ કેટલાક લોકોને અંગત રસ હોય તેવી ચર્ચાએ વેગ પકડયો છે. આ બંન્ને લોકો તેમની આપસી ટાંટીયાખેંચમાંથી ઉંચા ન આવે અને સામસામેની લડાઈમાં પતી જાય તો પોતાની મંજીલ તરફનો માર્ગ મોકળો થાય તેવું કેટલાક લોકો જોઈ રહ્યા છે. જોકે, કેટલાક તકવાદી નગરસેવકો અને ભ્રષ્ટ કર્મચારીઓ પણ આ બંન્નેની તકરારનો ગેરલાભ ઉઠાવી રહ્યા હોઈ પાલીકાનો વહીવટ વગોવાઈ રહ્યો છે. જેમાં મરો માત્રને માત્ર ભાજપના નિષ્ઠાવાન નગરસેવકો અને કાર્યકરોનો છે. ત્યારે નગરપાલીકાઓના કથળેલા વહીવટને પગલે પાલનપુર વિધાનસભા સીટ બાદ હવે ડીસાની સીટ પણ ભાજપને ખોવાનો વારો આવ્યો છે ત્યારે ભાજપ મોવડી મંડળ હજી પણ કુંભકર્ણની ગાઢ નિંદ્રા ત્યજે તેવી લાગણી ખુદ ભાજપના કાર્યકરો વ્યકત કરી રહ્યા છે.

# ડીસામાં ૭૦ હજાર પશુ બચાવનાર ભરતભાઈ કોઠારીને 'આઈજા'એ કર્યા સન્માનિત

ડીસા, તા. ૨૨

ડીસા માં રાજપુર પાંજરાપોળ ખાતે છેલા ૨૨ વર્ષો થી જીવદયા ને વરેલા ભરતભાઈ કોઠારી અને તેમની ટીમ કતલખાને લઈ જતા પશુ



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ઓં ને છોડાવી માનવતા વાદી -વૃત્તિ કરી રહ્ના છે આ સંસ્થા એ અત્યાર સુધી ૭૦,૦૦૦ હજાર થી પશુ કતલખાને જતા બચાવ્યા છે ત્યારે આજે ઓલ ઈન્ડીયા જેન જર્નાલીસ્ટ એસોશીએશન નાં -સિડેન્ટ હાર્દિક હૂંડિયા દ્વારા જાહેર સન્માન કરાયું હતું

આ બાબતે તરુણભાઈ શેઠ માનદ મંત્રી- રાજપુર કાંટ પાંજરાપોળ વાળા ઓં એ જણાવેલ કે અબોલ પશુ બચાવવા ૨૨ વર્ષ પહેલા બનાસકાંઠા ના ડીસા માં બે ચાર વ્યક્તિ ઓં જીવદયા ને વારી સક્રિય થયા હતા અને બે અબોલ જીવો બચાવ્યા હતા જે બાદ એક બાદ એક લોકો આ માનવતાવાદી -વૃત્તિ માં જોડાતા ગયા અને ડીસા માં જીવદયા ને વરેલા ભરતભાઈ કોઠારી સાથે બીજા આગેવાનો જોડાતા રાજપુર કાંટ પાંજરાપોળ નામની એક મોટું અબોલ જીવો બચાવતું વટવ્રુક્ષ સમાન સંસ્થા અસ્તિત્વ માં આવી હતી આ સંસ્થા માં હાલ ની તાજા સ્થિતિ એ ૨૨ વર્ષ નાં કાર્યકાળ માં ૭૦ હજાર અબોલ પશુ કતલખાને જતા બચાવવા માં સફળ થયેલ છે આ સંસ્થા ના ટ્રસ્ટી ભરતભાઈ કોઠારી પર અનેકો જીવલેણ હુમલા થયેલા છે ચતા તેમની જીવદયા કામગીરી અવિરત ચાલુ રહેતા રાજય સરકારે તત્કાલીન મુખ્ય મંત્રી મોદી હાથે 'જીવદયા' એવોર્ડ થી સન્માનિત થયા હતા હાલ આ સંસ્થા માં ૯ હજાર જેટલા ગાય, ભેસ ,વાછરડા,ઘેટા-બકરા,આશ્રય લઈ રહ્ના છે આ સંસ્થા માં આશ્રય લેતા પશુ નો વાર્ષિક ખર્ચ ૬ કરોડ થી વધુ છે ત્યારે દેશ અને દુનિયા માં થી આ સંસ્થા ને દાન ની અવિરત સરવાણી ચાલુ રહેતા આટલા જંગી ખર્ચામાં પણ આ સંસ્થા પશુ બચાવો સૂત્ર ને આગળ ધપાવી રહી છે.

આજે ડીસા ની આ પાંજરાપોળ ખાતે જીવદયા ને વરેલા મુંબઈ ખાતે ના સખી દાતા



બાબુભાઈ શેઠ દ્વારા અહી વસતા પશુ ઓં ને તેમના જન્મ દિવસ નીમીતિ 'ભોજન' આપ્યું હતું અને તેમનો જન્મ દિવસ અનોખી રીતે ઉજવી ,મોઘી પાર્ટી અને કેક કાપવાની જગ્યા એ ૯ હજાર જેટલા પશુ ઓં ને ગોળ, અને લીલુઘાસ આપી માનવસેવા નો નવો ચીલો કંડાર્યો હતો, અને દરેક જેન આગેવાન શક્ય હોય તો પોતાના અને પરિવારજનો નાં જન્મ દિવસ ને પાંજરાપોળ માં જઈ શક્ય હોય તો દાન કરી પશુઓં ને ભોજનન આપે તો અબોલ પશુ ના આશિસ મળશે તેવી અપીલ કરી હતી અને આ પાંજરાપોળ ના નિર્વાહ માટે તેમને અને અન્ય સખીદાતા ઓં એ લાખો નાં દાન ની સરવાણી વહાવી હતી.

જયારે આજે મુંબઈ માં 'હીરામાણેક' સાપ્તાહિક નાં તંત્રી અને 'ઓલ ઈન્ડીયા જેન જર્નાલીસ્ટ એસોશીએશન નાં -મુખ હાર્દિક હૂંડિયા તેમના મીડિયા કર્મિ સાથે ડીસા રાજપુર પાંજરાપોળ ખાતે દાતાઓ સાથે દોડી આવ્યા હતા,જેમને ડીસા રાજપુર પાંજરાપોળ ની રૂબરૂ મુલાકાત લીધી હતી અને આટલી મોટી સંખ્યા માં પશુ નિર્વાહ અને આશ્રય ની જીવદયા -મી ભરતભાઈ કોઠારી ની કામગીરી બિરદાવી હતી તેમને અહીસા -મો ધર્મ ના સૂત્ર ને ઘેર ઘેર ગુંજતું કરવાની અપીલ કરી હતી અને હાજર આગેવાનો રૂબરૂ ભરતભાઈ કોઠારી ને 'જીવદયા' એવોર્ડ થી સન્માનિત કર્યા હતા.

# સાબરકાંઠા કલેકટર બંછાનિધિ પાનીનું શ્રેષ્ઠ ઉમદા પ્રોજેક્ટ બદલ બહુમાન કરાયું

## સાબરકાંઠાના સખી મંડળ દ્વારા ઉત્પાદિત વસ્તુઓની ઓનલાઇન ખરીદીના પ્રોજેક્ટને રાષ્ટ્રીયસ્તરે પસંદગી કરાઈ

હિંમતનગર, તા. ૨૨

ભારતમાં મહિલાઓના ઉત્થાન માટે બનાવાયેલ સ્વસહાય જૂથના મહિલા લાભાર્થીઓને વિવિધ યોજનાઓનો સીધો લાભ મળી રહે, ઉપરાંત



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

તેઓ ખરીદ કે વેચાણ માટે મુકવામાં આવતી વસ્તુના પોષણ ક્ષમ ભાવ ઘરે બેઠા મળે તે માટે સાબરકાંઠાના કલેકટરે પોતાની આગવી સૂઝ અને બૂઝથી તૈયાર કરેલ ઉદાત -ોજેકટ (ઓનલાઈન ખરીદી) ની કેન્દ્ર સરકાર દ્વારા સ્વીકૃતિ અપાયા બાદ શનિવારે કલેકટરનું દિલ્હી ખાતે શ્રમ મંત્રી દ્વારા વિશિષ્ટ સન્માન કરી એવોર્ડ અપાયો હતો.

આ અંગે કલેકટર બંછાનિધિ પાનીના જણાવ્યા મુજબ તેઓએ સ્વસહાય જૂથો માટે તૈયાર કરેલ ઉદાત -ોજેકટ અંતર્ગત સખી મંડળો કેટલા સક્રિય છે, તેઓ શું કામગીરી કરે છે તેની સંપૂર્ણ માહિતી ઉપલબ્ધ કરાઈ છે. જેના થકી મહિલાઓ મોબાઈલ નંબરને કારણે કોઈપણ વ્યકિત કે વેપારીને ફોન કરી ચીજવસ્તુ અથવા અન્ય સેવા માગી શકે છે. જેના થકી અત્યાર સુધી દેશમાં ૬૦ હજારથી વધુ લોકો ઉદાત -ોજેકટ મારફતે લાભ લઈ રહ્ના છે.

દેશમાં અત્યાર સુધી સખી મંડળો માટે આવી કોઈ વ્યવસ્થા ન હતી. પરંતુ હવે ઉદાત -ોજેકટ ગરીબોના બેલી સમાન સાબિત થશે. ઉલ્લેખનીય છે કે શ્રમ મંત્રાલય સમક્ષ દેશમાંથી ૧૦ હજારથી વધુ -ોજેકટ રજુ કરાયા હતા. જેમાં સાબરકાંઠાના કલેકટરે રજુ કરેલ ઉદાત -ોજેકટ પસંદ થયો છે. જિલ્લા કલેકટરે આ -ોજેકટ કેન્દ્રના શ્રમ મંત્રાલયમાં રજુ કર્યો હતો. ત્યારબાદ તેનો અભ્યાસ કરીને આખા દેશમાં તેનું અમલીકરણ કરવાનું નક્કી કરાયુ છે. જેથી કલેકટર બંછાનિધિ પાનીનું શનિવારે દિલ્હીમાં શ્રમ મંત્રી નરેન્દ્રસિંહ તોમર, મધ્ય-દેશના મંત્રી માયાસિંહની ઉપસ્થિતમાં વિશિષ્ટ સન્માન કરી એવોર્ડ આપવામાં આવ્યો હતો.

## પાલનપુર પૂર્વ પોલીસ સ્ટેશન ખાતે

# નવરાત્રિ સામે આપત્તિજનક ટીપ્પણી કરનાર ઈમામ મહેંદી હસન સામે ફરીયાદ

પાલનપુર, તા. ૨૨

ખેડા જિલ્લાના ઠાસરા તાલુકાના રૂસ્તમપુરા ગામના સુફી સંત ઈમામ મહેંદીહસને નવરાત્રિને લઈને કરેલા અપમાનજનક નિવેદન સામે રાજયભરમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. નવરાત્રિને રાક્ષસોના તહેવાર સાથે સરખાવતા હિન્દુ સમાજની ધાર્મિક લાગણી દુભાઈ છે. ત્યારે આજે પાલનપુર ખાતે ઈમામ મહેંદી હસન સામે પોલીસ ફરીયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે.

ઈમામ મહેંદીહસને હિન્દુઓના તહેવાર નવરાત્રિ પર્વ અંગે કરેલી અપમાનજનક ટીપ્પણી સામે ભારે વિરોધનો સુર ઉઠ્યો છે. નવરાત્રિ પર્વ વિશે કરાયેલા નિમ્નકક્ષાના નિવેદન સામે હિન્દુ સમાજમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. ત્યારે પાલનપુરના સામાજિક કાર્યકર કેતન ગુપ્તાએ ઈમામ મહેંદીહસન સામે પોલીસ ફરીયાદ આપી હતી. પાલનપુર પોલીસે આ ફરીયાદ સ્વીકારી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હોવાનું પાલનપુર પૂર્વ પોલીસ સ્ટેશન પી.આઈ. એમ.બી. વ્યાસે જણાવ્યું હતું.



પોલીસે આ ગુનો ઠાસરા ખાતે બનેલો હોઈ લેખિત ફરીયાદ ઠાસરા પોલીસ સ્ટેશન મોકલી આપવાની તજવીજ હાથ ધરી હતી. ત્યારે ફરીયાદીએ ઈમામ મહેંદી હસનને ધરપકડ કરી પાલનપુર લાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની માંગ કરી હતી. ઈમામ મહેંદીહુસેન સામેનો વિરોધ વધતો જાય છે. ત્યારે નવરાત્રિ ટાણે સુલેહ શાંતિ જાળવવા માટે પોલીસે પણ વધુ સજજ બનવું પડશે.



## જમ્મૂ-કાશ્મીરના પૂરપીડિતોની સહાય માટે ચારુતર વિદ્યામંડળનો ૨૫ લાખ રૂપિયાનો ચેક અધ્યક્ષ ડૉ. સી. એલ. પટેલે વડાપ્રધાન રાહતનિધિમાં આપ્યો

તાજેતરમાં ચારુતર વિદ્યામંડળની ગવનિંગ્ગ કાઉન્સિલની બેઠકમાં સીવીએમના અધ્યક્ષ ડૉ.પટેલના પ્રમુખપદેથી જમ્મૂ-કાશ્મીરના પૂરપીડિતોની સહાય માટે રૂપિયા ૨૫ લાખ વડાપ્રધાન રાહતનિધિમાં આપવાનો ઠરાવ રજૂ કરાયો હતો અને એને કાઉન્સિલના તમામ સભ્યોએ એકીઅવાજે વધાવી લીધો હતો. ગુજરાતનાં મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની મારફત ઉપરોક્ત રકમ વડાપ્રધાન રાહતનિધિમાં પાઠવવાનો સીવીએમના અધ્યક્ષ ડૉ.પટેલે નિર્ણય કર્યો હતો. અગાઉ જમ્મૂ-કાશ્મીરમાં આંતકવાદીઓ થકી અનાથ કરાયેલાં ૩૩ કાશ્મીરી વિદ્યાર્થીઓને ડિગ્રી સુધીના ઉચ્ચ શિક્ષણની સઘળી જવાબદારી ચારુતર વિદ્યામંડળે ઉઠાવી હતી. ત્રાસવાદીઓની આંતકી પ્રવૃત્તિથી અનાથ બનેલાં ૩૦ મુસ્લિમ વિદ્યાર્થી (ત્રણ વિદ્યાર્થીની અને ૨૭ વિદ્યાર્થી) તથા ત્રણ હિંદુ પંડિત વિદ્યાર્થીને સીવીએમની શિક્ષણસંસ્થામાં મફત શિક્ષણ ઉપરાંત છાત્રાલયનિવાસ અને ભોજન સહિતની સઘળી સુવિધાની જવાબદારી સીવીએમએ ઉઠાવી હોવાનું પણ ડૉ.પટેલે કહ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે રાષ્ટ્રીય કુદરતી આપત્તિમાં અસરગ્રસ્તોની વહારે ધાવાની સીવીએમની પરંપરા રહી છે. ગુજરાતમાં વર્ષ ૨૦૦૧ માં ભૂકંપ આવ્યો ત્યારે પણ ચારુતર વિદ્યામંડળે કચ્છના અસરગ્રસ્તોને રાહત સામગ્રી પહોંચાડવા ઉપરાંત રાપર વિસ્તારનાં સાત ગામોમાં સરદાર પટેલના નામે પ્રાથમિક શાળાઓનાં નવાં ભવનોનું નિર્માણ પણ કયુ હતું.

# પ્રાંતિજમાં જાયન્ટસ ગૃપ દ્વારા વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

## વિવિધ સ્કૂલના બાળકોએ મોટી સંખ્યામાં ભાગ લઈ સ્પર્ધાનો વિષય 'મોબાઈલ ફોન' પર રસપ્રદ વકતવ્યો આપ્યાં વાલીઓ અને નિર્ણાયકો બાળકોના વકતવ્યો સાંભળી દંગ રહી ગયા

પ્રાંતિજ, તા.૨૨

પ્રાંતિજમાં જાયન્ટસ ગૃપ દ્વારા વિવિધ સ્કૂલોના વિદ્યાર્થીઓ વચ્ચે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાનો વિષય 'મોબાઈલ ફોન' રાખવામાં આવ્યો હતો.

પ્રાંતિજના જાયન્ટસ ગૃપ દ્વારા હાલ જાયન્ટસ સપ્તાહની ઉજવણી કરાઈ રહી છે તે અંતર્ગત યોજવામાં આવેલી વકતૃત્વ સ્પર્ધામાં વિવિધ સ્કૂલના વિદ્યાર્થીઓએ ભાગ લઈ મોબાઈલ ફોનના ફાયદા-ગેરફાયદા વિશે રસપ્રદ વકતવ્યો રજૂ કર્યા હતા. બાળકોના મોબાઈલ વિશેના વિચારો સાંભળીને હાજર તમામ વાલીઓ પણ રહી ગયા હતા. બાળકોએ તેમની વાકછટાઓ દ્વારા પ્રેક્ષક ગણ અને નિર્ણાયક ગણ તમામના દિલ જીતી લીધા હતાં.

આ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને જાયન્ટસ ગૃપ ઓફ પ્રાંતિજ તરફથી પ્રમાણપત્ર અને વિજેતાઓને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. આ પ્રસંગે જાયન્ટસ ગૃપના પ્રમુખ રાજુભાઈ શાહ, વ્રજેશભાઈ ભાવસાર, ગૃપના સ્થાપક ડૉ. એન.કે. ડેરિયા, સતિષભાઈ રાવલ, રૂપેશભાઈ મિસ્ત્રી અને જાયન્ટસ કાર્યકરોએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.



હિંમતનગર મનસુરી સોસાયટી, મહિલા કોલેજ પાછળ સવગઢ ખાતે ઈસ્માઈલભાઈ અલારખભાઈ મનસુરી (ભચડિયાવાલા) તથા તેમની પત્ની ઝુલેખાબાનુ ઈસ્માઈલભાઈ મનસુરી ચાલુ સાલે હજ્જે બયતુલ્લા એટલે કે હજ પઢવા જતાં હોવાથી તેમના નિવાસસ્થાને તા. ૨૦મી સપ્ટેમ્બરને શનિવારના રોજ મનસુરી સમાજે મુબારકબાદી પાઠવી હતી અને ફૂલહારથી બન્ને હાજી અને હજીયાણીનું સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરોક્ત સન્માન સમારંભમાં હાજી કાદરભાઈ (હડીયોલવાળા), હાજી ડૉ. મુસ્તુબાભાઈ મનસુરી, ભીખાભાઈ તથા વડીલો તેમજ યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ઋતુજન્ય બિમારીનો ભોગ બન્યા

આજે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ-તલોદ તાલુકાના વર્તમાન કોંગ્રેસી ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાની તબિયત અચાનક બગડતા ડોકટરી સારવાર અપાઈ હતી. ડોકટરે તેમને આરામ કરવાની સલાહ આપી હતી. પરંતુ આ સમાચાર સમગ્ર વિસ્તારમાં પ્રસરી જતા તેમના સગા સંબંધીઓ અને પક્ષના કાર્યકરો ખબર કાઢવા દોડી આવ્યા હતા. પ્રાતિજમાં પાલિકાનું સફાઈ તંત્ર દ્વારા ઋતુજન્ય જંતુઓના ઉપદ્રવને કાબુમાં લેવામાં નિષ્ફળ નિવડતા હાલ નગરમાં ઠેર ઠેર માંદગીના ખાટલા જોવા મળી રહ્યાં છે. માખી-મચ્છરના ઉપદ્રવના કારણે ઝાડા ઉલ્ટી, શરદી ખાંસી, તાવ, કમળો વગેરે રોગોએ માથુ ઉંચકયું હોઈ આરોગ્ય તંત્ર સત્વરે પગલાં ભરે તે જરુરી બન્યું છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦